# <u>શ્રી છીપડી માધ્યમિક શાળા, છીપડીના વિદ્યાર્થીઓની મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત</u>

શ્રી છીપડી માધ્યમિક શાળા, છીપડીના ૫૫ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ, શ્રી ડી. એમ. ઝાલા, આચાર્યના માર્ગદર્શન હેઠળ તા. ૨૦/૧૨/૨૦૨૩, બુધવારના રોજ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત લીધેલ હતી. સદર મુલાકાત દરમિયાન ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક અને વડા દ્વારા વિદ્યાર્થીઓને રોજીંદા જીવનમાં સમતોલ આહારનું મહત્વ અને શાકભાજીની ઉપયોગીતા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ કેન્દ્ર દ્વારા કરવામાં આવતી સંશોધન તેમજ વિસ્તરણની વિવિધ પ્રવૃતિઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ, શ્રી કે. જે. વેકરીયા દ્વારા વિદ્યાર્થીઓને સંશોધન ફાર્મ ખાતે મરચા, રીંગણ, ટામેટા, શક્કરીયા, પત્તરવેલીના પાકો અને ગ્રીન હાઉસ કોમ્પલેક્ષની પ્રત્યક્ષ મુલાકાત કરાવેલ હતી.

